ગાંધીનગર સમાચાર

## ગીફ્ટસીટીમાં પ્રધાનમંત્રીના હસ્તે મુંબઈ સ્ટોક એક્ષચેન્જનો પ્રારંભ થશે

# શાકભાજીના ભાવ તળીયે જતા ખેડૂતો મુશ્કેલીમાં

### રોકડની અછતથી વેપારીઓએ શાકભાજીની ખરીદી ઓછી કરી : ધૂમ આવકની વચ્ચે ભાવો તળીયે



ગાંધીનગર, તા.૨૨

શિયાળો એટલે શાકભાજીની મૌસમ, લીલા શાકભાજી સહિતના તમામ શાક બજારોમાં ઠલવાઈ જાય છે અને ભાવો નીચા આવે છે. જો કે આ સમયે જ નોટબંધી અમલી બનતા વેપારીઓએ ખરીદી મર્યાદિત કરી દેતાં શાકભાજીના ભાવો સાવ તળીયે આવી ગયા છે. ખેડૂતોને શાકભાજી ઢોરોને ખવડાવવાનો વારો આવ્યો છે.

મોટી નોટો બંધ થતાં તેની અસર તમામ વેપાર ધંધા પર થઈ રહી છે. શાકભાજીના વ્યાપાર પર પણ તેની ખુબ જ અસર પડી છે. બજારમાં રોકડ ન હોવાથી શાકભાજીના વ્યાપારમાં મંદી આવી ગઈ છે. શાકભાજીની આવક હાલમાં ખુબ છે. રીંગણા, ભીંડા, ફુલાવર, કોબી સહિતની શાકભાજીના થેલા હોલસેલ માર્કેટમાં ઠલવાઈ રહ્યા છે. ખેડૂતો પાસેથી હોલસેલ ભાવે ખરીદી કરતા વેપારીઓ અને કમિશન એજન્ટો હાલમાં નાણાની કમી અનુભવી રહ્યા છે. તેઓ પાસે હાથ પર રોકડ રકમ ખુબ ઓછી છે. શાકભાજીનો વ્યાપાર રોકડ રકમની લેવડ દેવડ પર જ આધારિત છે. કમિશન એજન્ટો અને વેપારીઓ પાસે ખેડૂતોને તેમની ઉપજનું ચુકવણું કરવા રોકડ રકમ જ ન હોવાથી તેઓએ શાકભાજીની ખરીદી ખુબ જ સિમિત કરી નાંખી છે. રોકડની અછત વચ્ચે શાકભાજીની ધુમ આવકથી ભાવો સાવ તળીયે બેસી ગયા છે. રીંગણ, ભીંડા અને ફુલાવર જેવી શાકભાજીનો હોલસેલમાં ભાવ કિલોએ માંડ ૨ થી ૫ રૂ. જેટલો મળી રહ્યો છે. ખેડૂતોને તો આમાંથી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચો પણ નીકળતો નથી. ભાવો ન મળતાં ઘણા ખડૂતોએ શાકભાજીને ઢોરોને ખવડાવવાનું શરુ કરી દીધું છે તો ઘણાં શાકભાજીને ખેતરોમાં ફેંકી રહ્યા છે. જયારે છુટક બજારોમાં પણ શાકભાજી ખુબ સસ્તી મળી રહી છે. હાલમાં ઉપલબ્ધ લગભગ દરેક શાકભાજી ૧૦ થી ૩૦ રૂ. કિલોના ભાવે મળી રહી છે. જો કે આ બાબત ગૃહિણીઓને ખુશખુશાલ કરી રહી છે. રોકડની અછત વચ્ચે સસ્તી શાકભાજી મળતા ગૃહિણીઓ લીલા શાકભાજીનો ભરપુર ઉપયોગ કરી રહી છે.

### નાંણા વગરના નાથિયાને માંડવે કેમ બેસાડવો...

# ઘેર લગ્ન લીધા કે પછી ઉપાધિ આણી...

### વર કન્યા સહીત પરિવારજનોનો કંકોત્રી હાથમાં રાખી બેંકોમાં રઝળપાટ પણ પૈસા મળતા નથી : આકરી, અટપટી અને વિચિત્ર શરતોનુ પાલન કરવાની પળોંજણમાં જોતરાય તો લગ્નનુ મહુર્ત પણ વિતી જાય તેવી દશા : ઘેર માંડવો બાંધવાના ટાંણે પરિવારજનો ઉત્સાહના બદલે નિરાશાની ગર્તામાં

## વર-કન્યા પક્ષ કફોડી હાલતમાં

ગાંધીનગર તા ૨૨

નાંણા વગરનો નાથિયો નાણે નાથાલાલ... હાલની સ્થિતિએ મોટાભાગે બધા નાથિયા જેવા બની ગયા છે. પરંતુ હાલ નોટબંધીની અસરથી લગ્નસરાની સિઝન સૌથી વધુપ્રભાવિત થઈ છે. લગ્નની મૌસમ નિખરી છે. આવા સંજોગોમાં હાલ વર કન્યા પક્ષની હાલત એવી થઈ છે કે બેંકોમાંથી નાણા મળતા નથી ત્યારે લગ્ન ગીતો ગાવાનુ જ ખર્ચ વગર પતે તેમ છે.નાંણાવટી રે વરરાજા નહીં પરંતુ નાણાં વગરના નાથિયાને માંડવે બેસાડવાનો વારો આવ્યો છે.... લગ્ન પ્રસંગ માટે રકમની મર્યાદા વધારી દેવાઈ છે. પરંતુ પુરી ન થાય તેવી આકરી અને વિચિત્ર શરતોએ કંકોત્રી લઈને ફરતા વર કન્યા બન્ને પક્ષોને મશ્કરીજનક સ્થિતિમાં મુકી દિધા છે. દેશમાં નોટબંધી બાદ આર્થિક વ્યવ્હાર જાણે ઠપ્પ થઈ ગયા છે. આમ નાગરિકો દસ દિવસના અંતે પણ બેંકની કતારમાં ઉભેલા જોવા મળી રહયા છે. ત્યારે લગ્ન પ્રસંગવાળા ઘરોમાં હેરાનગતિનો કોઈ પાર નથી રહયો. લગ્ન પ્રસંગના કિસ્સામાં રૂ ૨.૫૦ લાખની રકમ ઉપાડવાની છુટ આપવામાં આવી હોવાની જાહેરાત પણ પોકળ સાબિત થઈ છે. હાથમાં લગ્ન કંકોત્રી લઈને બેંકની કતારમાં ઉભેલા વર કન્યા પક્ષને ભારે મથામણના અંતે પણ પૈસા મળતા નથી. લગ્ન પ્રસંગ નિમિત્તે પૈસા ઉપાડવાના મામલે અપાયેલી છુટછાટ અન્વયે મુકાયેલી આકરી શરતો જાણે પૈસા નહીં આપવા માટે તૈયાર કરાઈ હોય તેવી દયનીય હાલત હોવાનો સુર ઉઠવા પામ્યો છે. આકરી અને વિચિત્ર શરતોનુ પાલન કરવાનુ લગભગ જાણે અશક્ય હોવાનો આક્રોશ પ્રબળ બન્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# વનતંત્રના ૨૨ કામદારોને બેંકના વાંકે પૈસા મળતા નથી

ગાંધીનગર તા ૨૨

વન વિભાગના કામદારોને નાંણા ચુકવવાના બદલે બેંકના ખાતામાં સીધા જમા થાય તેવી યોજનાના અંતે પણ વિભાગના ૨૨ જેટલા કામદારોને રૂ ૩.૧૮ લાખની રકમ ચુકવવામાં આવતી નથી. વનતંત્ર દ્વારા ૭ મહીનાથી કામદારોને મળવાપાત્ર આ રકમ બેંકમાં જમા કરાવી દીધી છે. આમછતા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની મુખ્ય શાખા આ રકમ જમા લેવામાં આવતી નથી. કામદારોને પૈસા ચુકવાતા નથી. જેના પરિણામે કામદારોમાં રોષ પ્રવર્તયો છે.

વનવિભાગમાં કામ કરતા કામદારોને ખર્ચની રકમ ચુકવવા માટે બેંકના ખાતામાં જમા થાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ભ્રષ્ટાચાર ન થાય અને વહીવટ વધુ પારદર્શક બને તે માટે ખર્ચના વાઉચર તૈયાર નહીં કરી સંબંધિત કામદારના નામે તેના ખાતામાં જ આ રકમ જમા થઈ જાય તે મુજબની કાર્યયોજના હાથ ધરવામાં આવી છે. એકબાજુ આ રકમ બેંકને આઈ એફ એસ સી કોડ સાથે સાત મહીનાથી જમા કરાવી દેવાઈ હોવાનુ જણાંવાયુ છે. વનતંત્રના ૨૨ જેટલા કામદારોને મળવાપાત્ર રૂ ૩.૧૮ લાખની રકમ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયાની મુખ્ય શાખામાં જમા કરાવી દેવાઈ હોવાનુ પણ સુત્રો જણાંવી રહયા છે. કામદારોના ખાતામાં રકમ જમા ન લેવાતા તેમની હાલત કફોડી બની છે. જયારે કામદારોને જમા રકમ મેળવવાનુ પણ અઘરુ બન્યુ છે. આ મામલે ત્વરિત અસરથી પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠાવા પામી છે.

# ગીફ્ટસીટીમાં પ્રધાનમંત્રીના હસ્તે મુંબઈ સ્ટોક એક્ષચેન્જનો પ્રારંભ થશે



ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ મુંબઈ સ્ટોક એક્ષ્ચેન્જ (બીએસઇ) ખાતે સવારે ૯-૧૫ વાગે રીંગીંગ બેલ વગાડીને શેરબજારનો પ્રારંભ કરાવી, ભારતની અર્થવ્યવસ્થામાં શહેરબજાર બેરોમીટર હોવાનું જણાવ્યું હતું.

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીની સર્જીકલ સ્ટ્રાઈક બાદ શેરબજારમાં થયેલો વધારો દેશના અર્થતંત્રમાં બદલાવ આવી રહયો છે તે પ્રામાણિકતાનું પર્વ વડાપ્રધાનનું ક્રાંતિકારી કદમ અને અર્થતંત્રને મજબુત બનાવવા ભારતને મહાસત્તા બનાવવા તરફનું પ્રયાણ છે તેમ તેમણે જણાવ્યું હતું.

વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે, શેરબજાર સાથે ગુજરાતનો ઘનિષ્ઠ નાતો રહયો છે. ગુજરાતનો યુવા વર્ગ અને સાહસિકો પોતાના ફાયનાન્સીયલ નોલેજ, માર્કેટની સમજ અને રિસ્ક મેનેજમેન્ટ સ્કીલ માટે માત્ર ભારત જ નહિ વિશ્વમાં પહેચાન બનાવી ચૂકયા છે.

તેમણે જણાવ્યું કે, આ પ્રતિભાને આગળ

● અનુસંધાન પાન-૭ પર

# એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરાશે

### ભાડા કરારથી જગ્યા ફળવાશે : એસ ટી ડેપો રાહત દરના ભાડાપેટે પોલીસને જગ્યા આપશે એસ ટી તંત્રએ ઠરવ કર્યો : ટુંકમાં જ ડેપોમાં પોલીસ પહેરો જોવા મળશે

ગાંધીનગર તા ૨૨

નગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવાના મામલે આખરે એસ ટી નિગમ દ્વારા ઠરાવ કરી દેવાયો છે. જે અન્વયે હવે પોલીસતંત્રને ચોકી કાર્યરત કરવા માટે રાહત દરે જમીન ભાડે અપાશે. ચોકી માટે ડેપોમાં સ્થળ પસંદગી કરાયા બાદ ડેપોમાં ટુંકમાં જ પોલીસ પહેરો જોવા મળશે.

શહેરના એસ ટી ડેપોમાં પોલીસ પહેરાના અભાવ વચ્ચે આમ નાગરિકો તસ્કરી વૃતિનો ભોગ બનતા હોવાની ફરિયાદો દિનપ્રતિદિન વધી રહી છે. જયારે બસમાં ચઢતા મુસાફરો પીક પોકેટીંગ તેમજ ચેઈન સ્નેચીંગ સહીતના ગુન્હાઓનો ભોગ બનતા ડેપો સલામતીની દ્રષ્ટીએ રામભરોસે હોવાનો સુર ઉઠવા પામ્યો છે.અગાઉ ડેપો સંકુલમાં તસ્કરી કરતા તત્વોને ડેપોના સ્ટાફે રંગેહાથે ઝડપી લઈ પોલીસના હવાલે કર્યા હોવાના પણ અનેક કિસ્સા છે. ત્યારે છેલ્લા ઘણાં સમયથી ડેપો સંકુલમાં પોલીસ ચોકી શરૂ કરવાની માંગ પ્રબળ બની હતી. પરંતુ કાર્યવાહી આગળ વધતી ન હતી. જો કે હવે ડેપોના સુત્રોના જણાંવ્યા મુજબ એસ ટી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે નિગમ દ્વારા ઠરાવ કરી દેવાયો છે. જેમાં ડેપો પોલીસ તંત્રને રાહત દરના ભાડા કરારથી જગ્યા ફાળવશે.

જયારે આ જગ્યાએ પોલીસ ચોકી કાર્યરત કરી દેવાશે. આ મામલે જિલ્લા પોલીસ વડાને પણ જાણ કરી દેવાઈ છે. પોલીસ નિરિક્ષણ અને ડેપોના તંત્રની પરામર્શના અંતે જગ્યા નિયત કરી પોલીસ ચોકી શરૂ કરવાની યોજના તૈયાર થઈ ગઈ છે. જેના પરિણામે ડેપોમાં ટુંક સમયમાં જ પોલીસ પહેરો જોવા મળશે. વર્ષોથી ડેપોમાં પોલીસ ચોકી શરૂ કરવા માટે જાગૃત નાગરિકો તેમજ નગરની સંસ્થાઓ દ્વારા પણ રજુઆત કરવામાં આવી રહી છે. જયારે આ નિર્ણયના અંતે ડેપોમાં મુસાફરો પણ ભયમુક્ત બનશે.



## બેસણું

અમારા માતૃશ્રી ગં.સ્વ. સારસ્વતીબેન ચીમનલાલ ઠાકર (કોલવડાવાળા) તા. ૧૫/૧૧/૨૦૧૬ના રોજ દેવલોક પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૨૪/૧૧/૨૦૧૬ના રોજ સવારે ૧૦.૦૦ થી ૧.૦૦ વાગ્યા સુધી** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : પ્લોટ નં. ૨૨૪, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર**

| | |
|---|---|
| ઠાકર પુષ્પાબેન કનૈયાલાલ | ઠાકર કનૈયાલાલ ચીમનલાલ |
| ઠાકર શર્મિષ્ઠાબેન પ્રવિણચંદ્ર | ઠાકર પ્રવિણચંદ્ર ચીમનલાલ (તલાટી કમ મંત્રી, કોબા) |
| ઠાકર દક્ષાબેન દિનેશચંદ્ર | ઠાકર દિનેશચંદ્ર ચીમનલાલ |
| સ્વ. જાની સુમિત્રાબેન રમેશચંદ્ર | સ્વ. જાની રમેશચંદ્ર હિરાલાલ |
| રાવલ જયશ્રીબેન અનિલકુમાર | રાવલ અનિલકુમાર સોમનાથરાય |
| ઠાકર જૈમિનીબેન ભાવેશકુમાર | ઠાકર ભાવેશકુમાર પ્રવિણચંદ્ર |
| ઠાકર વિરલબેન જયેશકુમાર | ઠાકર જયેશકુમાર પ્રવિણચંદ્ર |
| ડો. ઠાકર સ્વીટી વિશાલકુમાર | ડો. ઠાકર વિશાલકુમાર કનૈયાલાલ |
| ઠાકર તૃપ્તી ધવલકુમાર | ઠાકર ધવલકુમાર દિનેશચંદ્ર |
| ઠાકર ધારા ધ્રુવકુમાર | ઠાકર ધ્રુવકુમાર દિનેશચંદ્ર |
| | ઠાકર સૌમ્ય ભાવેશભાઈ |

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

શ્રી ગાયત્રી વોચ કંપની ઉજવે છે... તેની ૩૫ મી વર્ષગાંઠ
નિમિત્તે કાંડા ઘડિયાળોની મહા એકસચેન્જ ઓફર
આપની કોઈપણ જુની કાંડા ઘડિયાળ લઈ આવો અને તેના બદલે મેળવો ગોલ્ડ પ્લેટેડ ૧ વર્ષની ગેરંટી સાથે નવી કાંડા ઘડિયાળ
દરેક ક્રેડિટ કાર્ડ સ્વીકાર્ય
સ્વીસ તેમજ જાપાનની કાંડા ઘડિયાળો સર્વિસ કરી આપવામાં આવશે.
ઓરીજનલ બટન સેલ તેમજ લેધર બેલ્ટ મળશે.
એ-૩, ડીસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, બેંક ઓફ મહારાષ્ટ્રની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. ૯૮૨૪૧ ૫૯૪૭૪, ફોન. ૨૩૨૨૫૬૭૮
સમય : સવારે ૧૦ થી ૧.૩૦ બપોરે ૩.૩૦ થી ૯.૦૦ સોમવારે રજા રહેશે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
BENELAVE™
DR. FIXIT ®
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK500 TMT BARS - ISI
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com